## પેજ 3

## ગણેશજીના દર્શને આવતા સ્ટાર્સને આવકારતા નીતા અંબાણીના ગળાના ભારેખમ હારે ધ્યાન આકર્ષિત કર્યું



મુંબઇ, તા. 15 : દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ બાપ્પાની અંબાણી પરિવારના ઘરે સ્થાપના થઇ છે અને બોલીવુડ, ક્રિકેટ અને રાજકારણના સ્ટાર્સ તેમના દર્શન માટે એન્ટિલિયા પહોંચ્યા હતા. તેમને આવકારતી વખતે નીતા અંબાણીના શાહી આકર્ષણે લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. નીતા અંબાણીના લુકની સૌથી મોટી ખાસિયત તેમનો ખભાથી ખભા સુધીનો બિબ-સ્ટાઇલનો હાર હતો. આ ગળાનો હારની જટિલ કારીગરી અને વિગતો ઉત્કૃષ્ટ છે, જેમાં સોનું, હીરા, રંગબેરંગી રત્નો (માણેક અને નીલમણિ) અને મોતીનું મિશ્રણ છે. નીતાએ મેચિંગ ઇયરિંગ્સ, કાનના પશા અને સોના અને માણેક બ્રેસલેટ પહેર્યા હતા. આ તેના શાહી દેખાવને સંપૂર્ણ રીતે પૂરક બનાવતા હતા.

## મંત્ર-જાપ સાથે થઈ સામંથા રૂથના સીમંતની વિધિ, જાતે ફોટા-વીડિયો શેર કર્યા





ચેન્નાઈ\R, તા. 15 : અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ આજકાલ પોતાના પ્રથમ પ્રેગ્નન્સી ફેઝમાં છે. તાજેતરમાં જ સામંથાની સીમંતની વિધિ થઈ જેની તસવીરો અને વીડિયો તેણે પોતાના ફેન્સ સાથે સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. સામંથાની આ તસવીરો ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે. તસવીરોમાં સામંથાની સીમંત વિધિ એકદમ સાઉથની પરંપરાઓ મુજબ થતી દેખાઈ રહી છે. સામંથાએ પરંપરાગત 'સીમંતમ' સેરેમનીના ફોટોઝ-વીડિયોઝ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે, જેમાં પરંપરાગત અંદાજ, વિધિ અને મંત્રોના ગુંજારવે ફેન્સના દિલ જીતી લીધા છે. જેમાં પતિ રાજ પણ સામંથા પર પ્રેમ વરસાવતા જોવા મળી રહ્યો છે. આ દરમિયાન સામંથા ફૂલોથી સજ્જ છે અને પૂજારીઓની હાજરીમાં શ્રીવિદ્યા પરંપરાની વિધિ થતી જોવા મળી રહી છે.

## ચેક-બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને રૂ. 2 કરોડ જમા કરાવવા બે સપ્તાહની છેલ્લી તક



નવી દિલ્હી, તા. 15 (PTI) સુપ્રીમ કોર્ટે મંગળવારે અભિનેતા રાજપાલ યાદવને એક ખાનગી પેઢીને બાકી રકમ ચૂકવવા માટે એક નક્કર પ્રસ્તાવ સાથે આવવા માટે બે અઠવાડિયાની છેલ્લી તક આપી હતી અને તેને સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીમાં રૂ. 2 કરોડ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. ફરિયાદીનો આક્ષેપ છે કે રૂ. 5 કરોડની સહાયની પતાવટ પેટે અપાયેલા રૂ. 1.05 કરોડના સાત ચેક બાઉન્સ થયા હતા. ફરિયાદીના જણાવ્યા અનુસાર, પક્ષકારો વચ્ચે 2012ના કરારમાં કહેવાયું હતું કે યાદવ દંપતિ અને તેની કંપની વ્યાજ સહિત આશરે રૂ. 11 કરોડ પરત ચૂકવવા સંમત થયા હતા. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી મોહનાની બેંચે તેના આત્મસમર્પણમાંથી મુક્તિની મુદત 5 ઓક્ટોબર સુધી લંબાવી હતી.

## શાહરૂખ ખાને કહ્યું કે તેણે 'ધુરંધર' જોઈ, બંને ભાગ ગમ્યા



મુંબઈ, તા. 15 :તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક ઇન્ટરેક્ટિવ સેશન દરમિયાન અભિનેતા શાહરૂખ ખાને રણવીર સિંહની ફિલ્મ શ્રેણી 'ધુરંધર'ના વખાણ કર્યા હતા. તેણેએ પુષ્ટિ કરી હતી કે, આ શ્રેણીના બંને તેણે ભાગ જોયા છે. #AskSRK સેશન દરમિયાન, એક યુઝરે પૂછ્યું, શું તમે 'ધુરંધર' જોઈ છે. શાહરૂખે જવાબ આપ્યો, "બંને ભાગ ખૂબ ગમ્યા.. આખી ટીમ દ્વારા ફેન્ટાસ્ટિક કામગીરી!" ટ્રેડ ટ્રેકિંગ પ્લેટફોર્મ સેકનિલ્ક અનુસાર, ભારતમાં આ પહેલી ફિલ્મે નેટ રૂ.840 કરોડથી વધુની કમાણી કરી હતી અને વિશ્વભરમાં ગ્રોસ રૂ. 1300કરોડને પાર કરી લીધા હતા.

## ગ્રાહક વોચડોગ CCPA દ્વારા રેપિડોને રૂ. 10 લાખનો દંડ ફટકારાયો

**ગેરમાર્ગે** દોરતી જાહેરાતો, અયોગ્ય પ્રથાઓ માટે રેપિડો દંડાઇ

**ઉબેર** અને ઓલાની તપાસ હાલમાં ચાલી રહી છે: સીસીપીએ

નવી દિલ્હી, તા. 15 (PTI) ગ્રાહક વોચડોગ સીસીપીએએ અયોગ્ય વેપાર પ્રથાઓ અને ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે રાઇડ-હેલિંગ પ્લેટફોર્મ રેપિડો પર રૂ. 10 લાખનો દંડ ફટકાર્યો છે. એમ સરકારે મંગળવારે જણાવ્યું હતું.

સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ)એ ઉલ્લેખ કર્યો છે કે, રેપિડો સામેની કાર્યવાહી ભારતમાં કાર્યરત કેબ અને બાઇક-ટેક્સી એગ્રીગેટર પ્લેટફોર્મ્સની ક્ષેત્ર-વ્યાપી તપાસ પર આધારિત છે. આ તપાસ પ્રી-રાઇડ ટિપિંગ અને ડાયનેમિક પ્રાઇસિંગથી સંબંધિત પ્રથાઓની તપાસ કરવા માટે કરવામાં આવી રહી છે.

ઓથોરિટીએ પહેલાથી જ ઉબેર, ઓલા, રેપિડો અને નમ્મા યાત્રી સહિતના પ્લેટફોર્મ્સને નોટિસ જારી કરી દીધી હતી, જેમાં તેમને 'ગાઇડલાઇન્સ ફોર પ્રિવેન્શન એન્ડ રેગ્યુલેશન ઓફ ડાર્ક પેટર્ન્સ, 2023' નું પાલન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ડાર્ક પેટર્ન્સ એ ભ્રામક યુઝર ઈન્ટરફેસ ડિઝાઈન છે જે ગ્રાહકોને અનિચ્છનીય પસંદગીઓ કરવા માટે ગેરમાર્ગે દોરે છે અથવા તેમની સાથે હેરાફેરી કરે છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, ''સીસીપીએએ રાઇડર્સને તેમની રાઇડ્સ કન્ફર્મ થાય તે પહેલાં વધુ ચૂકવણી કરવા માટે જે રીતે પ્રોમ્પ્ટ કરવામાં આવ્યા હતા તેમાં ગેરમાર્ગે દોરતી જાહેરાતો, અયોગ્ય વેપાર પ્રથાઓ, અયોગ્ય કરાર અને ડાર્ક પેટર્ન્સ માટે રેપિડો પ્લેટફોર્મ ઓપરેટ કરતી રોપેન ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પર રૂ. 10 લાખનો દંડ ફટકાર્યો છે.

ચીફ કમિશનર નિધિ ખરે અને કમિશનર અનુપમ મિશ્રાના નેતૃત્વ હેઠળની સીસીપીએએ જણાવ્યું હતું કે, આ સંદર્ભમાં ઉબેર અને ઓલાની તેની તપાસ હાલમાં ચાલી રહી છે.



રોજિંદા જીવન અને ચાલી રહેલા માનવતાવાદી સંકટ વચ્ચે યમનના એડનમાં એક માછીમાર હેમરહેડ શાર્ક સહિત પોતાની માછલીઓ દરિયા કિનારેથી સિરાહ મચ્છી માર્કેટમાં લઈ જઈ રહ્યે છે. હાલમાં યેમેનમાં માછલીઓના ભાવ એક કિલોગ્રામના 7,000-8,000 રિયાલ ($8) સુધી પહોંચી ગયા છે, જે રેડ મીટના ભાવ જેટલો જ ભાવ છે.

## પાકિસ્તાની કોર્ટનો PTI પાર્ટીના 24 સાંસદોના પાસપોર્ટ બ્લોક કરવા આદેશ

**ઇમરાન** ખાનની પાર્ટીના સાસંદો ઉપરાંત ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રીનો પાસપોર્ટ પણ બ્લોક કરવા કહેવાયું

પેશાવર, તા. 15 (પીટીઆઈ) ઈસ્લામાબાદની એક એન્ટિ-ટેરરિઝમ કોર્ટે રાષ્ટ્રીય રાજધાનીના એક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના સંબંધમાં ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી મોહમ્મદ સોહેલ આફ્રિદી અને પાકિસ્તાન તેહરીક-એ-ઈનસાફ (પીટીઆઈ)ના અન્ય 24 સાંસદોના પાસપોર્ટ બ્લોક કરવાનો આદેશ આપ્યો છે.

જજ અબુલ હસનાત મોહમ્મદ ઝુલકરનેને સોમવારે પોલીસની વિનંતીને મંજૂરી આપતાં આ આદેશ આપ્યો હતો અને ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એફઆઈએ)ને આગળના આદેશો સુધી પાસપોર્ટ બ્લોક રાખવાનો નિર્દેશ આપ્યો હતો.

આ આદેશમાં પીટીઆઈના વરિષ્ઠ નેતા અને નેશનલ એસેમ્બલીના ભૂતપૂર્વ સ્પીકર અસદ કૈસર, સાંસદો શહરામ ખાન તરાકાઈ, શાહ અહમદ, શેર અલી અરબાબ, મોહમ્મદ ઈકબાલ આફ્રિદી, ડો. અમજદ અલી, જુનૈદ અકબર, શાહિદ ખટ્ટક, ઝુબેર વઝીર, અરશદ ઉમરઝાઈ, ઝર આલમ, મિયાં ઓમર અને અખ્તર ખાન સહિત અન્ય લોકોનો સમાવેશ થાય છે.

અદાલતે જણાવ્યું હતું કે, ઉપલબ્ધ રેકોર્ડ દર્શાવે છે કે આ વ્યક્તિઓને કેસમાં આરોપી તરીકે નામજદ કરવામાં આવ્યા છે.

તપાસ અધિકારીએ અદાલતને જણાવ્યું હતું કે, આરોપીઓ કાનૂની કાર્યવાહીથી બચવા માટે દેશ છોડીને ભાગી શકે છે અને આક્ષેપ કર્યો હતો કે તેઓ રાજ્યની સંસ્થાઓ પર હુમલા અને આતંકવાદને પ્રોત્સાહન આપવા સહિતના ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે. અદાલતે નોંધ્યું હતું કે, આરોપીઓ તેની સમક્ષ હાજર થવામાં નિષ્ફળ રહ્યા છે અને જે લોકોએ વચગાળાના જામીન મેળવ્યા હતા તેઓ પણ હજી સુધી તપાસમાં જોડાયા નથી.

## ઈરાન યુદ્ધમાં અમેરિકાને ભારે નુકસાન થયાનો વોચડોગનો અહેવાલ

**પેન્ટાગોનના** ઇન્સ્પેક્ટર જનરલે પ્રથમ વખત આ યુદ્ધ અંગેનો અત્યાર સુધીનો સૌથી વિગતવાર અહેવાલ આપ્યો

**શસ્ત્રો** અને દારૂગોળાની અછત સર્જાઇ હોવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો

**ઇરાની** હુમલાઓમાં મધ્ય પૂર્વના દેશોમાંના અમેરિકી મથકોમાંની સેંકડો ઇમારતો અને માળખાઓને નુકસાન થયું કે નાશ પામ્યો, અમેરિકી રાજદ્વારી કચેરીઓને પણ ઘણુ નુકસાન થયું, ડઝનબંધ અમેરિકી વિમાનો અને ડ્રોન નષ્ટ અથવા ક્ષતિગ્રસ્ત થયા

વોશિંગ્ટન, તા. ૧૫(એપી): અમેરિકા સરકારના વોચડોગે સોમવારે ઈરાન યુદ્ધની અસર અંગેનો તેનો પ્રથમ અહેવાલ જાહેર કર્યો છે. જેમાં મિલિટરીના અદ્યતન શસ્ત્રોની અછતનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને મધ્ય પૂર્વમાં અમેરિકી વિમાનો, સૈન્ય મથકો અને રાજદ્વારી ચોકીઓને થયેલા નુકસાનની પ્રથમ જાહેર વિગતો આપવામાં આવી છે.

છેલ્લા છ મહિનામાં આમાંની મોટાભાગની માહિતી અગાઉ બહાર આવી ચૂકી છે, પરંતુ પેન્ટાગોન ઈન્સ્પેક્ટર જનરલના અહેવાલે અમેરિકી નાગરિકોના જીવ, કરદાતાઓના નાણાં અને ભૌતિક નુકસાનના સંદર્ભમાં સંઘર્ષના ખર્ચનો અત્યાર સુધીનો સૌથી સંપૂર્ણ સત્તાવાર હિસાબ આપ્યો છે. આ અહેવાલમાં સંરક્ષણ અને વિદેશ વિભાગ તેમજ 'યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ'(USAID) માટેના વોચડોગ્સની માહિતી શામેલ છે. આ અહેવાલ, જેનું પ્રકાશન સૌપ્રથમ એનબીસી ન્યૂઝ દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યું હતું, તેમાં નોંધવામાં આવ્યું છે કે ઈરાન સાથેના અમેરિકાના યુદ્ધના પરિણામે અદ્યતન શસ્ત્રોના સંદર્ભમાં વ્યૂહાત્મક ઈન્વેન્ટરીમાં અછત સર્જાઈ છે અને દારૂગોળાના પુરવઠા માટે ઔદ્યોગિક ક્ષેત્રની મર્યાદાઓ સામે આવી છે. નિષ્ણાતોએ અગાઉ જણાવ્યું છે કે લશ્કરી કોન્ટ્રાક્ટરોને અદ્યતન મિસાઈલો અને સંરક્ષણ મિસાઈલ ઈન્ટરસેપ્ટર્સને યુદ્ધ પહેલાના સ્તરે પહોંચાડવામાં લગભગ ત્રણ વર્ષનો સમય લાગશે.

૧ એપ્રિલથી ૩૦ જૂન સુધીના સમયગાળાને આવરી લેતા આ અહેવાલમાં સ્વીકારવામાં આવ્યું છે કે ઈરાની હુમલાઓમાં કુવૈત, બહરીન, કતાર, સંયુક્ત આરબ અમીરાત(UAE), સાઉદી અરેબિયા, ઈરાક, ઓમાન અને જોર્ડનમાં આવેલા અમેરિકી મથકો પરની સેંકડો ઈમારતો અને અન્ય માળખા ક્ષતિગ્રસ્ત થયા છે અને નાશ પામ્યા છે. ડઝનબંધ અમેરિકી વિમાનો અને ડ્રોન પણ નષ્ટ અથવા ક્ષતિગ્રસ્ત થયા હતા. સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે જુલાઈના અંતમાં કોંગ્રેસને જણાવ્યું હતું કે આ યુદ્ધનો ખર્ચ અત્યાર સુધીમાં ૩૭.૫ અબજ યુએસ ડોલર થયો છે. જો કે, યુએસ રાજદ્વારી સુવિધાઓને થયેલા નુકસાનનો ખર્ચ અગાઉ જાહેરમાં બહાર પાડવામાં આવ્યો ન હતો. રિપોર્ટ અનુસાર, ઈરાક, કુવૈત, સાઉદી અરેબિયા અને યુએઈ સ્થિત આવી કચેરીઓએ ભૌતિક નુકસાનનો મોટો ફટકો સહન કરવો પડ્યો છે, જેનો અંદાજિત ખર્ચ ૧૮૪ મિલિયન યુએસ ડોલર છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે જૂનની શરૂઆતમાં અહેવાલ આપ્યો હતો કે આ સંઘર્ષથી તેનો એકંદર ખર્ચ ૧૧૩ મિલિયન યુએસ ડોલર થયો હતો,જેમાં અમેરિકી નાગરિકોને મધ્ય પૂર્વના દેશોમાંથી સલામત બહાર કાઢવાના ખર્ચનો પણ સમાવેશ થાય છે.

## હુથી-સાઉદીના સામસામા હુમલા, મક્કામાં પહેલીવાર એલર્ટ જારી કરાયું

**સાઉદી** સિવિલ ડિફેન્સ દ્વારા પવિત્ર શહેર મક્કા, જેદ્દાહ અને તૈફમાં સંભવિત ખતરો હોવાની ચેતવણી અપાઇ

**સાઉદી** અરેબિયાએ યમનમાં ડઝનબંધ હવાઈ હુમલા કર્યા હોવાનો હુથી બળવાખોરો દ્વારા આરોપ મૂકાયો

રિયાધ, તા. 15 : ઈરાન સમર્થિત હુથી લશ્કર દ્વારા પશ્ચિમ કિનારા પર બેલિસ્ટિક મિસાઇલો છોડવામાં આવી રહી હોવાના અહેવાલો સામે આવ્યા બાદ, સાઉદી અરેબિયાએ મંગળવારે પવિત્ર શહેર મક્કા, જેદ્દાહ અને તૈફમાં "સંભવિત ખતરો" હોવાની ચેતવણી આપતા કટોકટી ચેતવણીઓ જારી કરી હતી. દરમિયાન હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયા પર યમનમાં ડઝનબંધ હવાઈ હુમલા કરવાનો આરોપ લગાવ્યો હતો. સાઉદી અરેબિયાના જનરલ ડિરેક્ટોરેટ ઓફ સાઉદી સિવિલ ડિફેન્સ દ્વારા બપોરે 2.48 વાગ્યે પવિત્ર શહેર મક્કા માટે જાહેર કરાયેલા આ એલર્ટમાં રહેવાસીઓને આશ્રય મેળવવા અને સત્તાવાર સલામતી સૂચનાઓનું પાલન કરવા વિનંતી કરવામાં આવી હતી. જોકે પછીથી એવું કહેવામાં આવ્યું હતું કે આ ધમકી ટળી ગઈ છે.

હુથી બળવાખોરોએ જણાવ્યું હતું કે સાઉદી અરેબિયાએ છેલ્લા 24 કલાકમાં લાહજ, તૈઝ, અલ-જૌફ, મારીબ અને હજ્જા પ્રાંતોમાં 54 હવાઈ હુમલા કર્યા હતા. જૂથે જણાવ્યું હતું કે સાઉદી હવાઈ હુમલામાં તૈઝ પ્રાંતના ખાદેર જિલ્લામાં એક સરકારી પરિસરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં ત્રણના મોત થયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. હુથી લશ્કરી પ્રવક્તા યાહ્યા સરીએ જણાવ્યું હતું કે હુમલામાં ખામિસ મુશૈત અને તૈફમાં સાઉદી એરબેઝથી કાર્યરત F-15 અને ટાયફૂન ફાઇટર જેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## દિલ્હીની કેટલીક શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અફવા સાબિત થઈ

નવી દિલ્હી, તા. 15 (PTI) મંગળવારે દિલ્હીની કેટલીક શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈમેઈલ્સ મળ્યા હતા, જેના કારણે વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા અને વ્યાપક સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રભાવિત પરિસરમાં બોમ્બ વિરોધી દળ અને સ્નિફર ડોગ સ્કવોડ તૈનાત કરવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જે શાળાઓને ધમકીભર્યા ઈમેઈલ્સ મળ્યા હતા તેમાં ચાણક્યપુરી સ્થિત બ્રિટિશ સ્કૂલ, ધૌલા કુઆં સ્થિત આર્મી પબ્લિક સ્કૂલ અને લોધી એસ્ટેટ સ્થિત સરદાર પટેલ વિદ્યાલયનો સમાવેશ થાય છે. ધમકી મળ્યાના સંદર્ભમાં એર ફોર્સ બાલ ભારતી સ્કૂલ અને કાર્મેલ કોન્વેન્ટ સ્કૂલના નામ પણ સામે આવ્યા હતા. આ ઈમેઈલ્સ સવારે 10.17 વાગ્યે મળ્યા હતા અને તેમાંથી એકમાં કથિત રીતે બપોરે 1.11 વાગ્યે દિલ્હીની શાળાઓમાં વિસ્ફોટ થવાનો ઉલ્લેખ કરતો વિષય હતો.

## અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટમાં એક મહિલા સંપૂર્ણ નગ્ન થઈ ગઈ!

**નગ્નાવસ્થામાં** મહિલાએ સાથી મુસાફરોની સામે અભદ્ર વર્તન કરતા ક્રુએ કોકપિટને એલર્ટ મોકલવું પડ્યું



નવી દિલ્હી, તા. : યુનાઈટેડ સ્ટેટ્સમાં બાલ્ટીમોરથી મિયામી જઈ રહેલી એક સામાન્ય ફ્લાઈટમાં આકાશમાં તે સમયે એક અસામાન્ય સ્થિતિ પેદા થઈ જ્યારે એક મહિલાએ પોતાનાં તમામ કપડાં ઉતારી નાખ્યાં અને સહ-મુસાફરો સામે અશ્લીલ વર્તન કર્યું. આ ઘટનાને કારણે ક્રૂ મેમ્બર્સે કોકપિટને એલર્ટ કરવું પડ્યું અને પોલીસ બોલાવવાની માંગ કરી.

આ હંગામો એટલો ગંભીર હતો કે લીડ ફ્લાઈટ એટેન્ડન્ટે કોકપિટ ક્રૂને જાણ કરવી પડી, જેના કારણે વિમાન પોતાના ગંતવ્ય તરફ આગળ વધી રહ્યું હતું તે દરમિયાન એરક્રાફ્ટ અને એરલાઇનના ઓપરેશન્સ સેન્ટર વચ્ચે સંદેશાવ્યવહારની શ્રેણી શરૂ થઈ ગઈ હતી.

અમેરિકન એરલાઈન્સના ઈન્ટિગ્રેટેડ ઓપરેશન્સ સેન્ટરને મોકલવામાં આવેલા એરક્રાફ્ટ કમ્યુનિકેશન્સ એડ્રેસિંગ એન્ડ રિપોર્ટિંગ સિસ્ટમ (એસીએઆરએસ) મેસેજ અનુસાર, સીટ નંબર ૭ડી પર બેઠેલી મહિલા મુસાફરે પોતાનાં બધાં કપડાં ઉતારી દીધાં હતાં અને અન્ય મુસાફરો દ્વારા તેને અશ્લીલ વર્તન કરતી જોવામાં આવી હતી. પ્લેન મિયામી લેન્ડ થતાં જ મહિલાને કસ્ટડીમાં લેવામાં આવી હતી.

## લિથુઆનિયા પર ધસી આવેલું ડ્રોન નાટોના વિમાનોએ તોડી પાડ્યું

**કોઇ** જાનહાની કે ઇજાના અહેવાલ નહીં

**ડ્રોન** કોણે છોડ્યું હતું તેની માહિતી નહીં, પરંતુ રશિયા સામે શંકા

વિલ્નિયસ (લિથુઆનિયા), તા. ૧૫(એપી): અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, નાટો ફાઇટર જેટોએ રાત્રિ દરમિયાન લિથુઆનિયાના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશેલા એક ડ્રોનને તોડી પાડ્યું હતું. યુક્રેન પર રશિયાના પૂર્ણ-સ્તરના આક્રમણ સામે યુક્રેનને આપવામાં આવતા સમર્થનમાં વધારો જ થશે તેવું નાટોના વડાએ કહ્યાના બીજા જ દિવસે આ ઘટના બની છે. નાટોના સભ્ય દેશ લિથુઆનિયાના લશ્કરી અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પ્રથમ વખત છે જ્યારે તેમના હવાઈ ક્ષેત્રમાં કોઈ ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હોય. આ ડ્રોન ક્યાંથી આવ્યું હતું અથવા તેનો હેતુ શું હતો તે અંગે અધિકારીઓએ કોઈ ટિપ્પણી કરી ન હતી, અને ઉમેર્યું હતું કે આ ઘટનાની વધુ તપાસ જરૂરી છે. લિથુઆનિયાના નેશનલ ક્રાઇસિસ મેનેજમેન્ટ સેન્ટરે મંગળવારે જણાવ્યું હતું કે, લિથુઆનિયામાં આ ડ્રોનને રાજધાની વિલ્નિયસથી લગભગ ૧૦૦ કિલોમીટર (૬૦ માઇલ) પશ્ચિમે આવેલા પ્રાતકુનાઈ ગામ નજીક અને કૌનાસ જળાશય પાસે તોડી પાડવામાં આવ્યું હતું.

જર્મની, ડેનમાર્ક, યુનાઇટેડ કિંગડમ અને પોલેન્ડ સહિતના નાટો દેશોના અધિકારીઓએ તાજેતરના સપ્તાહોમાં રશિયા પર ડ્રોન ઘૂસણખોરી, તોડફોડ, આગચંપી, સંરક્ષણ સુવિધાઓની જાસૂસી અને એરપોર્ટ પર હુમલો કરવા માટે વિસ્ફોટકો ધરાવતા ડ્રોનનો ઉપયોગ કરવાની યોજના ઘડવા જેવી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ મૂક્યો છે. રૂટેએ સોમવારે જણાવ્યું હતું કે "નાટોના ક્ષેત્રની નજીક" થયેલા હુમલાઓ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની "હતાશા અને ભય તથા આતંક ફેલાવવાની તેમની ઇચ્છા" દર્શાવે છે. રૂટેએ કહ્યું, "રશિયા યુક્રેન સામેનું પોતાનું ભયાનક યુદ્ધ ચાલુ રાખીને વધુને વધુ બેદરકાર બની રહ્યું છે." તેમણે રશિયા અને રશિયાના સહયોગી બેલારુસ સાથેની આ ૩૨ દેશોના આ ગઠબંધનની લાંબી પૂર્વીય સરહદ પર પોતાની સંરક્ષણ વ્યવસ્થાને મજબૂત કરવાનું વચન પણ આપ્યું હતું.

## કર્ણાટકના બેલગાવીમાં ફ્રિજ ફાટતાં પરિવારના ચાર સભ્યોનાં મોત

**ફ્રિજમાં** વિસ્ફોટ થયા પછી ઘરમાં લાગેલી આગમાં અન્ય બે ગંભીર રીતે ઘાયલ

બેલગાવી (કર્ણાટક), તા. 15 (પીટીઆઈ) મંગળવારે વહેલી સવારે અહીં એક ઘરમાં કથિત રીતે ફ્રિજ ફાટતાં પરિવારની ચાર મહિલા સભ્યોનાં મોત થયાં હતાં અને અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના ચાવટ ગલીમાં બની હતી. મૃતકોની ઓળખ ગંગા દામોણે (25), શારદા દામોણે (45), પ્રિયા દામોણે (28) અને ભારતી દામોણે (50) તરીકે થઈ છે. આ ઘટનામાં ગજાનન દામોણે (65) અને તેમના પુત્ર રોશન દામોણે (21)ને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

## ન્યૂયોર્ક સબવે ટ્રેક પર ભારતીય મૂળની મહિલા અને મિત્રનું ટ્રેન અડફેટે મોત

**ભારતીય** મહિલા પોતાના નેપાળી મિત્ર સાથે સબવે ટ્રેક પર બેસી હતી ત્યારે ઘટના બની



ન્યૂયોર્ક, તા. 15 : લોઅર મેનહટનમાં એક સ્ટેશન પર સબવે ટ્રેક પર ૨૪ વર્ષીય ભારતીય મૂળની મહિલા અને ૨૪ વર્ષીય તેના નેપાળી-અમેરિકન મિત્ર બેઠા હતા ત્યારે ટ્રેનની અડફેટે નું મોત થયું હતું. ન્યૂયોર્ક પોલીસ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, ડેઇટન, ન્યૂ જર્સીમાં રહેતી મલાઇકા ચિત્રે અને સેયરેવિલે, ન્યૂ જર્સીના નવમ કૌલ સ્પ્રિંગ સ્ટ્રીટ સબવે સ્ટેશન પર ટ્રેક પર હતા ત્યારે સવારે લગભગ ૩:૧૫ વાગ્યે દક્ષિણ તરફ જતી નંબર ૪ની ટ્રેને તેમને ટક્કર મારી હતી. સોશિયલ મીડિયા પર વ્યાપકપણે વાયરલ થયેલા અને એક પ્રત્યક્ષદર્શી દ્વારા શૂટ કરવામાં આવેલા એક વીડિયોમાં આ જોડી ટ્રેન તેમને કચડી નાખે તેની થોડી સેકન્ડો પહેલાં ટ્રેક પર શાંતિથી બેઠેલી દેખાતી હતી.

## કેદારનાથ રૂટ પરથી બે દિવસમાં ૭,૩૫૦ શ્રદ્ધાળુને સુરક્ષિત બહાર કઢાયા

દહેરાદૂન/રૂદ્રપ્રયાગ, તા. ૧૫ (PTI) ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં ભૂસ્ખલન પ્રભાવિત કેદારનાથ ટ્રેક રૂટ પરથી ૭,૨૦૦ શ્રદ્ધાળુઓને સુરક્ષિત બહાર કાઢ્યાના એક દિવસ પછી મંગળવારે પણ રેસ્ક્યૂ ટીમો દ્વારા અન્ય ૧૫૦ લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. એમ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી)એ જણાવ્યું હતું.